સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : ૪ | ગણિત | ડિસેમ્બર, ૨૦૨૦

સમય : ૧ કલાક | કુલ ગુણ : ૨૫

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. વર્તુળ આધારિત વિવિધ ભાત દોરે છે.

પ્રશ્ન : ૧ સૂચના પ્રમાણે કરો.

1. તમારી આસપાસ જોવા મળતી કોઈપણ ચાર ગોળ વસ્તુઓનાં નામ લખો. (૨)
2. ત્રણથી વધુ ગોળ (વર્તુળ) દોરી તમારી પસંદગીની ભાત/ડિઝાઇન દોરો. (3)

અ.નિ. વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે.

પ્રશ્ન : ૨ યોગ્ય વિકલ્પ પસંદ કરો. (૫)

(૧) નીચે પૈકી શેના દ્વારા સૌથી મોટું વર્તુળ દોરી શકાય ?

(a) વાટકી (b) ગ્લાસ (c) જગ (d) તપેલી

(૨) કોની ત્રિજ્યા સૌથી ઓછી હોય ?

(a) રીક્ષાનું ટાયર (b) રોટલી (c) થાળી (d) પૂરી

(3) વર્તુળના માપનો આધાર શેના પર રહેલો છે?

(a) ત્રિજ્યા (b) કેન્દ્ર (c) જીવા (d) લંબાઈ

(૪) ચકરડી બનાવવા માટે વર્તુળનો કયો ભાગ મહત્વનો છે?

(a) કેન્દ્ર (b) ત્રિજ્યા (c) જીવા (d) લંબાઈ

(૫) એક વર્તુળમાં કેટલાં કેન્દ્ર હોઈ શકે?

(a) એક (b) બે (c) ત્રણ (d) ત્રણથી વધારે

અ.નિ. વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસને દર્શાવે છે.

પ્રશ્ન : 3 (૧) વર્તુળ દોરો. (3)

માત્ર પેન્સિલની મદદથી વર્તુળ દોરો.	પેન્સિલ અને કોઈ વસ્તુની મદદથી વર્તુળ દોરો.	પરિકર અને પેન્સિલની મદદથી વર્તુળ દોરો.

(૨) પરિકરથી દોરેલ વર્તુળનું કેન્દ્ર અને ત્રિજ્યા દર્શાવો. (૨)

અ.નિ. ચિત્રમાં એક દ્વિતીયાંશ, એક ચતુર્થાંશ, ત્રણ ચતુર્થાંશ ભાગને ઓળખે છે.

પ્રશ્ન: ૪ સૂચના પ્રમાણે કરો.

(અ) નીચે આપેલા ચિત્રમાં $\frac{૧}{૨}$ (અડધા) ભાગમાં રંગ પૂરો કે પેન્સિલથી ઘટ્ટ કરો. (3)



(બ) નીચે આપેલા ચોરસમાં ચાર એકસરખા ભાગ દોરો અને $\frac{૧}{૪}$ ભાગમાં રંગ પૂરો. (૨)



અ.નિ. અપૂર્ણાંકનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે.

પ્રશ્ન: ૫ સૂચના પ્રમાણે કરો.

નીચે દર્શાવેલ કોષ્ટકની આધારે પ્રશ્નોના જવાબ લખો. (૫)

વસ્તુ / ફળ	**૧ કિગ્રા.નો ભાવ (રૂપિયામાં)**
સફરજન	**₹** ૧૦૦
મોસંબી	**₹** ૫૦
કેળા	**₹** ૪૦
જમરૂખ	**₹** ૬૦
સીતાફળ	**₹** ૮૦

પ્રશ્નો: (૧)

(૧) $\frac{૧}{૪}$ કિગ્રા સફરજનની કિંમત શોધો. (૧)

(૨) ૧ કિગ્રા કેળાની કિંમતમાં કેટલા કિગ્રા સીતાફળ મળે ? (૧)

(3) $\frac{3}{૪}$ કિગ્રા કેળાંની કિંમત કેટલી થાય? (૨)

(૪) અડધો કિગ્રા મોસંબી અને પોણો કિગ્રા જમરૂખ ખરીદવા માટે કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: ૪ | ગણિત | જુલાઈ, ૨૦૨૦

સમય: ૧ કલાક | કુલ ગુણ: ૨૫

* <u>અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>

અ.નિ. આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

પ્રશ્ન: ૧ માગ્યા મુજબ જવાબ આપો.

(૧) એક બોક્સની ત્રણ બાજુઓ દેખાય તેવી આકૃતિ દોરો. (૦૨)

(૨) તેલના પતરાના ડબ્બામાં કેટલી બાજુઓ ચોરસ હોય છે ? કેટલી બાજુઓ લંબચોરસ હોય છે ? (૦૨)

ચોરસ: ________ લંબચોરસ: __________

(૩) આપેલ ચિત્રોમાંથી ઈંટની બાજુ જેવી દેખાતી આકૃતિ પર ખરાં (✓)ની નિશાની કરો. (૦૧)



(અ) (બ) (ક) (ડ)

અ.નિ. સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે .

પ્રશ્ન: ૨ માગ્યા મુજબ જવાબ આપો.

(૧) ૧૦૦૦ ઈંટોનો ભાવ રૂા. ૧૮૦૦ હોય તો ૩૦,૦૦૦ ઈંટોનો ભાવ કેટલા રૂપિયા થાય ? (૦૨)

(૨) શાળાના પુસ્તકાલયમાં પાંચ ખાનાવાળું એક કબાટ છે. જેમાં દરેક ખાનામાં એક સરખી સંખ્યામાં પુસ્તકો ગોઠવાયેલાં છે. જો કબાટમાં કુલ ૮૦ પુસ્તકો હોય તો, દરેક ખાનામાં કેટલાં પુસ્તકો હોય? (૦૨)

(૩) એક લાખમાં એકની પાછળ કેટલી શૂન્ય આવે ? (૦૧)

અ.નિ. બે બિંદુઓ વચ્ચેના અંતરનું માપપટ્ટી વડે માપન કરે છે અને દોરે છે.

પ્રશ્ન: ૩ બિંદુઓ વચ્ચેનું અંતર માપી પ્રશ્નોના જવાબ લખો. (૦૫)



(૧) કયાં બે બિંદુઓ એકબીજાથી સૌથી વધુ નજીક છે ?

(૨) કયાં બે બિંદુઓ એકબીજાથી સૌથી વધુ દૂર છે ?

(૩) બિંદુ E અને બિંદુ F વચ્ચેનું અંતર કેટલું છે ?

(૪) કયા બે બિંદુઓ એકબીજાથી ૫ સેમીના અંતરે આવેલા છે ?

(૫) બિંદુ D થી કયા બે બિંદુઓ સરખા અંતરે આવેલા છે?

અ.નિ. અંતર અને ઊંચાઇ આધારિત વ્યાવહારિક કોયડા ઉકેલે છે.

પ્રશ્નઃ ૪ માગ્યા મુજબ જવાબ આપો.

(૧) (૦૨)



અમદાવાદથી મુંબઇ કેટલા કિમી દૂર છે ?

(૨) એક ઝાડની ઊંચાઇ ૨૮૦ સેમી છે. ટાવરની ઊંચાઇ ઝાડની ઊંચાઇ કરતાં પાંચ ગણી છે. તો ટાવરની ઊંચાઇ કેટલા મીટર હશે ? (૦૨)

(૩) ખુશીની ઊંચાઇ ત્રીજા ધોરણમાં ૧૩૫ સેમી હતી. જ્યારે ચોથા ધોરણમાં તેની ઊંચાઇ ૧૩૮ સેમી થાય છે. તો એક વર્ષમાં ખુશીની ઊંચાઇ કેટલી વધી કહેવાય ? (૦૧)

અ.નિ. બે વસ્તુઓના અંતર, જુદી-જુદી વસ્તુઓનું વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે અને તેમનું ચોક્કસ માપન કરે છે.

પ્રશ્નઃ ૫ માગ્યા મુજબ જવાબ આપો.

(૧) અંદાજિત ઊંચાઇને આધારે જોડકાં જોડો. (૦૩)

	(અ)		(બ)
(૧)	વર્ગખંડની ઊંચાઇ	(અ)	૧ મીટર
(૨)	તુલસીના છોડની ઊંચાઇ	(બ)	૧૦ મીટર
(૩)	વીજળીના થાંભલાની ઊંચાઇ	(ક)	૪ મીટર

(૨) વિજયના દાદા દરરોજ સવારે ૨૫૦૦ મીટર અને સાંજે ૩ કિમી ચાલે છે. કયા સમયે દાદા વધુ ચાલે છે ? કેટલું ? (૦૨)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : ૪ | ગણિત | સપ્ટેમ્બર, ૨૦૨૦

સમયઃ ૧ કલાક | કુલ ગુણઃ ૨૫

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. ભાગાકાર આધારિત વ્યાવહારિક કોયડા ઉકેલે છે. (નાણું, લંબાઇ, વજન જથ્થો, અંતર, ગુંજાશ વગેરે આધારિત)

પ્રશ્ન: ૧ દાખલા ગણો.

૧. એક બસમાં ૫૦ સીટ છે. ૪૦૦ બાળકોને પ્રવાસમાં લઇ જવા માટે આવી કેટલી બસો જોઇએ? (૦૨)

૨. એક લિટર ડીઝલનો ભાવ ૭૦ રૂપિયા છે. મનુભાઇએ પોતાના ટ્રેક્ટરમાં રૂપિયા ૧૪૦૦નું ડીઝલ ભરાવ્યુ હોય તો તેમણે પોતાના ટ્રેકટરમાં કેટલા લિટર ડીઝલભરાવ્યું હશે ? (૦૨)

૩. ધોરણ ૪ ના વર્ગશિક્ષકે પોતાના જન્મદિવસે ૬૦ ચૉકલેટ લાવી પોતાના વર્ગના બધા બાળકોને ત્રણ-ત્રણ ચૉકલેટ વહેંચી હોય તો વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે ? (૦૧)

અ.નિ. રોજિંદા જીવનની પરિસ્થિતિઓ, સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ દ્વારાઆપે છે.

પ્રશ્ન: ૨ અહીં 'વૅકેશન મેળા'માં જુદી-જુદી રાઇડના ટિકિટના ભાવ અને ફરવાનો સમય દર્શાવેલ છે. તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (૦૫)

ક્રમ	રાઇડનું નામ	ટિકિટના દર	ફરવાનો સમય
૧.	ટેબલ કપ	રૂ. ૨૫=૦૦	૫ મિનિટ
૨.	નાવડી	રૂ. ૧૫=૦૦	૬ મિનિટ
૩.	બાબાગાડી	રૂ. ૧૦=૦૦	૮ મિનિટ
૪.	ઝૂલા	રૂ. ૧૫=૦૦	૪ મિનિટ
૫.	ચકડોળ	રૂ. ૨૦=૦૦	૫ મિનિટ

૧. સૌથી વધુ સમય અને સૌથી ઓછા રૂપિયા કઈ રાઈડમાં છે?

૨. મીના ટેબલ કપ અને ચકડોળમાં બેસે છે. તો તેણે કેટલા રૂપિયા ચૂકવ્યા?

૩. માનસી એક રાઈડમાં ૧૨ મિનિટ બેસીને ૩૦ રૂપિયા ચૂકવે છે તો માનસી કઈ રાઈડમાં બેસી હશે ?

૪. લાલુ ઝૂલાની રાઈડમાં ત્રણ વખત બેસે તો કેટલા રૂપિયા ચૂકવવા પડે?

૫. પ્રવીણ બધી રાઈડમાં બેસે તો તેણે કુલ કેટલા રૂપિયાની ટિકિટ લેવી પડે ?

અ.નિ.   આપેલ સમયને ઘડિયાળમાં દર્શાવે છે.

પ્રશ્ન-૩   આપેલ સમયને ઘડિયાળમાં કાંટા દોરી દર્શાવો.   (૦૫)



૩:૦૦	૧૨:૩૦	૬:૨૦



૭:૪૫	૨:૪૦

અ.નિ.   સમયનું અનુમાન કરે છે

પ્રશ્ન: ૪   નીચે દર્શાવેલ કાર્ય કે પ્રવૃત્તિ કરતાં કેટલો સમય લાગે? અનુમાન કરો .   (૦૫)

૧.   ૧ થી ૧૦૦ ગણતાં લાગતો સમય : __________

૨.   જમીન પરથી ૬૦ પાંદડાં ભેગાં કરતાં લાગતો સમય: ________

૩.   ગણિતનો એક દાખલો ગણતાં લાગતો સમય: ________

૪.   એક વર્ગખંડમાં કચરો વાળતાંલાગતો સમય : ________

૫.   ૫૦ દોરડાં કૂદતાં લાગતો સમય : ___________

અ.નિ.   બે ઘટના વચ્ચેના સમયગાળાની ગણતરી કરે છે.

પ્રશ્ન: ૫   સૂચના મુજબ દાખલા ગણો   (૦૫)

૧.   ખુશીનો જન્મ ૨૦૧૦માં થયો છે. તો ૨૦૨૦માં ખુશી કેટલા વર્ષની થાય ?

૨.   એક દવાની બોટલ પર ઉત્પાદન તારીખ ૨૦/૦૯/૨૦૧૮ છે તથા સમાપ્તિ તારીખ ૨૦/૦૯/૨૦૨૦ છે. તો આ દવા કેટલા વર્ષ માટે લેવી યોગ્ય કે સલામત છે ?

૩.   ચંદ્રનની ઉધરસની એક દવા પર સમાપ્તિ તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ છે. તો ચંદ્રન ૨૫/૧૦/૨૦૨૦ના રોજ આ ઉધરસની દવા ખાઈ શકશે ?

૪.   સુરત સ્ટેશન પર એક ગાડી સવારે ૫:૫૦ વાગ્યે આવે છે અને થોડો સમય રોકાયા બાદ સવારે ૬:૧૦ વાગ્યે ઉપડે તો આ ગાડી સ્ટેશન પર કેટલો સમય રોકાઈ હશે ?

૫.   પ્રિત સાંજે ૫:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી મેદાનમાં જુદીજુદી રમતો રમે છે. પ્રિત કેટલો સમય રમત રમે છે ?

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ ગણિત તા.૧૦/૧૨/૨૦૨૧

સમય: ૧ કલાક કુલ ગુણ: ૨૫ ગુણ

પ્રશ્ન-૧ યોગ્ય વિકલ્પ પસંદ કરો. (૫)

(૧) વર્તુળમાં કેટલાં કેન્દ્ર હોય છે?

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ઘણાંબધાં (અનેક)

(૨)  આ આકૃતિમાં કેટલાં વર્તુળ છે?

(અ) ત્રણ (બ) ચાર (ક) પાંચ (ડ) છ

(૩) એક જ વર્તુળની બધી ત્રિજ્યાનાં માપ --------------- હોય છે.

(અ) જુદાં જુદાં (બ) નાનાં-મોટાં (ક) સરખા (ડ) તમામ

(૪) કેન્દ્રનું સાચું સ્થાન કયા વર્તુળમાં છે ? ---------------

(અ)  (બ) (ક) (ડ) તમામ

(૫) નીચેનામાંથી .... ની ત્રિજ્યાનું માપ સૌથી વધુ છે.

(અ) બંગડી (બ) રૂ. ૫ નો સિક્કો (ક) રોટલો (ડ) સાયકલનું પૈડું

પ્રશ્ન-૨ પરિકરની મદદથી એક વર્તુળ દોરી તેમાં કેન્દ્ર અને ત્રિજ્યા દોરો. (૫)

પ્રશ્ન -3 પરિકર કે અન્ય વસ્તુની મદદથી ચાર થી વધુ વર્તુળવાળી ભાત (ડિઝાઈન) દોરો. (૫)

પ્રશ્ન-૪ માગ્યા મુજબ જવાબ આપો.

(૧) આઠ હજાર ત્રણને અંકોમાં લખો. (૧)

(૨) ૯૩૭૧માં સોના સ્થાનમાં કયો અંક છે? તેની સ્થાનકિંમત જણાવો. (૨)

(૩) ૫૦૦૦ +૩૦૦૦ +૨૦ = -------------- (૧)

(૪) ૯૦૦૦ -૬૦૦૦= ------------ (૧)

પ્રશ્ન-૫ માગ્યા મુજબ દાખલા ગણો.

(૧) (૨) (૪)

```
(૧)          (૨)
  ૫ ૭ ૮        ૮ ૯ ૫
+ ૨ ૨ ૬      - ૩ ૨ ૭
-------      -------
```

(૩) અંકિત પાસે નવ પુસ્તકો છે. તેના શિક્ષકે તેને ચાર પુસ્તકો આપ્યા. તો હવે અંકિત પાસે તેર પુસ્તકો છે તે નક્કી કરવા નીચેનામાંથી કઈ ગણતરી કરી હશે? (૧)

(અ) સરવાળા (બ) બાદબાકી (ક) ગુણાકાર (ડ) ભાગાકાર

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	M403.6	વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે.
2	M403.8	વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસ દર્શાવે છે.
3	M403.10	વર્તુળ આધારિત વિવિધ ભાત દોરે છે.
4 અને 5	M401	સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ | ગણિત | તા.૨૮/૦૧/૨૦૨૨

સમયઃ ૧ કલાક | કુલ ગુણઃ ૨૫ ગુણ

પ્રશ્ન - ૧ દરેક આકૃતિની નીચે લખેલા ભાગ જેટલો રંગ પૂરો / પેન્સિલથી ઘાટું કરો. [૫]

(૧) 

૧/૪

(૨) 

૩/૪

(૩) 

૧/૨

(૪) 

અડધો ભાગ

(૫) 

પોણો ભાગ

પ્રશ્ન - ૨ નીચે આપેલા કોઠાના ભાવપત્રકનો ઉપયોગ કરી પ્રશ્નોના જવાબ લખો. [૫]

વસ્તુ	ભાવ (રૂ. માં) (૧ કિલો)
બટાટા	૨૦
ડુંગળી	૪૦
ટામેટા	૬૦
કોબીજ	૩૦
રીંગણ	૩૬

પ્રશ્નો:

(૧) ૧/૨ કિગ્રા બટાટા અને ૧/૪ કિગ્રા રીંગણ એ બંનેમાં કોની કિંમત વધારે થાય?

(૨) ૩/૪ કિગ્રા ડુંગળીની કિંમત કેટલી થાય ?

(૩) ૧/૪ કિગ્રા ટમેટાની કિંમત કેટલી થાય ?

(૪) ૧૫ રૂપિયામાં કેટલા કિગ્રા કોબીજ મળે ?

(૫) એક કિગ્રા બટાટાના ભાવમાં કેટલા કિગ્રા ડુંગળી મળે ?

પ્રશ્ન - ૩ પેટર્ન આગળ વધારો. [૫]

૧.

ABCD	CDEF	EFGH	_____	_____

૨.



૩.

૧૦૭	૨૦૭	૩૦૭	_____	_____

૪.

૫.

△	▷	▽	_____	_____

પ્રશ્ન - ૪ દાખલા ગણો.

(૧) એક ખોખામાં સાબુના ૭૦ લાટા સમાઈ શકે છે. તો ૨૮૦ સાબુના લાટા સમાવવા માટે કેટલાં ખોખાં જોઈએ ? (૨)

(૨) એક કુટુંબના ૫ લોકો એક દિવસમાં ખાવા-પીવામાં ૪૦ લિટર પાણી વાપરે છે. તો એક માસમાં (૩૦ દિવસમાં) કેટલું પાણી વાપરશે ? (૨)

(૩) રૂ. ૫૦૦ ની નોટના છૂટ્ટા લઈએ તો, રૂ. ૫૦ની કેટલી નોટ મળે ? (૧)

પ્રશ્ન – ૫ પેટર્ન પૂર્ણ કરો.

(૧) ૨ × ૨ = ૪
૨ × ૪ = ૮
૨ × ૬ = ૧૨
૨ × ____ = ____

(૨) ૫ ÷ ૧ = ૫
૧૫ ÷ ૩ = ૫
૨૫ ÷ ૫ = ૫
____ ÷ ____ = ૫ (૪)

(૩) ૧૦૦ ÷ ૧૦ = ૧૦
૨૦૦ ÷ ૨૦ = ૧૦
૩૦૦ ÷ ____ = ૧૦ (૧)

શિક્ષક માટે

પ્રશ્ન ક્રમાંક	અ ક્રમાંક .નિ.	વિધાન
1	M402.3	આપેલ ચિત્રમાં એક દ્વિતીયાંશ, એક ચતુર્થાંશ, ત્રણ ચતુર્થાંશ ભાગ ઓળખે છે.
2	M402.2	અપૂર્ણાંકનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે.
3	M412	સંમિતતાને આધારે આપેલ ભૌમિતિક પેટર્નનું અવલોકન કરે છે, ભૌમિતિક પેટર્નને ઓળખે છે અને ભૌમિતિક પેટર્નને આગળ વિસ્તારે છે.
4	M401.14	ઘડિયા અને ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.
5	M411	ગુણાકાર અને ભાગાકારમાં રહેલ પેટર્નને ઓળખે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ–૪ | ગણિત | ઓગષ્ટ, ૨૦૨૧

સમય : ૧ કલાક | કુલ ગુણ : ૨૫

L.O. આસપાસના પર્યાવરણમાં જોવા મળતાં આકારોની સમજ ધરાવે છે

પ્રશ્ન-૧ સૂચના પ્રમાણે કરો.

(૧) એક ઈંટમાં કુલ કેટલી બાજુઓ હોય છે? **(૧)**

(૨) ઈંટની બે બાજુઓ દેખાય તેવી આકૃતિ દોરો. **(૧)**

(3) ઈંટની દિવાલની કોઈ એક પેટર્ન દોરો. **(3)**

L.O. બે વસ્તુઓ વચ્ચેનાં અંતર, જુદી જુદી વસ્તુઓનાં વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે અને તેમનું ચોક્કસ માપન કરે છે.

પ્રશ્ન-૨ અંદાજ લગાવી માપ લખો. **(૫)**

(૧) તમારી ઊંચાઈ : ____________ સેમી

(૨) તમારા વર્ગખંડની લંબાઈ: __________ મીટર

(3) ગણિતના પાઠ્યપુસ્તકની લંબાઈ : ___________ સેમી

(૪) મોબાઈલફોનની પહોળાઈ : __________ સેમી

(૫) તમારા વર્ગખંડની ઊંચાઈ : _________ મીટર

L.O. અંતર અને ઊંચાઈના એકમોનું રૂપાંતરણ કરેછે.

પ્રશ્ન-3 ખાલી જગ્યા પૂરો. **(૫)**

(૧) 300 સેમી = ________ મીટર

(૨) ૧૫ મીટર = ________ સેમી

(3) ૭000 મીટર = ____________ કિલોમીટર

(૪) ૨ મીટર ૪૫ સેમી = _________ સેમી

(૫) ૫ કિલોમીટર ૫0 મીટર ______ ૫0૫0 મીટર (=, <, > યોગ્ય ચિહ્ન મૂકો.)

L.O. સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

પ્રશ્ન-૪ સૂચના મુજબ કરો. **(૫)**

(૧) ૫0૬0 ને શબ્દમાં લખો : _______________________

(૨) બે હજાર નવને અંકમાં લખો: ____________________

(3) ૬૭0૪ માં ૭ ની સ્થાનકિંમત લખો. : _______________

(૪) ૧૨ × ૫ = _________

(૫) દસ હજારમાં એકની પાછળ કેટલા શૂન્ય આવે? _______

L.O. સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

પ્રશ્ન-૫ દાખલા ગણો.

(૧) એક હજાર ઇંટનો ભાવ ₹ ૨૪00 હોય તો ચાર હજાર ઇંટની કેટલી રકમ ચૂકવવી પડે? **(૨)**

(૨) એક છોડની ફરતે ક્યારી બનાવવા માટે ૨0 ઇંટો વપરાય છે. તો 300 ઇંટોમાંથી આવી કેટલી ક્યારી બનાવી શકાય? **(૨)**

(3) શાળામાં દાતાએ ૧૨00 બ્લોક દાનમાં આપ્યા હતા. તેમાંથી ૯00 બ્લોક પરબની ફરતે પાથરી દીધા. તો હવે કેટલા બ્લોક બાકી રહ્યા હશે? **(૧)**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- ૪ **ગણિત** **જુલાઈ-૨૦૨૧**

સમય: ૧ કલાક **કુલ ગુણ: ૨૫**

L.O. ત્રણ અંકની સંખ્યાઓ સાથે કામ કરે છે.

પ્રશ્ન-૧ સૂચના મુજબ કરો. **(૫)**

૧. ૧૦૯ ને શબ્દમાં લખો.

૨. પાંચસો ઓગણપચાસને અંકમાં લખો.

૩. ૩૯૦ પછી તરત આવતી સંખ્યા લખો.

૪. ૨૩૧ = _______+ 30 + ____

૫. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યા લખો. ________

L.O. જવાબ ૯૯૯ થી વધતો ન હોય તેવી ત્રણ અંકની સંખ્યાઓના રોજિંદા જીવનને સ્પર્શતા સરવાળા-બાદબાકીના કોયડા ઉકેલે છે.

પ્રશ્ન-૨ દાખલા ગણો.

(૧) ખુશી પાસે ૧૦૫ રૂપિયા છે અને તેની બેન પાસે ૨૫૮ રૂપિયા છે. તો બંને પાસે થઈને કુલ કેટલા રૂપિયા થાય ? **(૨)**

(૨) કેરીના એક ટોપલામાં ૯૫ કેરી છે. બીજા ટોપલામાં ૯૦ કેરી છે. તો બંને ટોપલાની થઈને કુલ કેટલી કેરી થાય ? **(૨)**

(૩) ૬૦ માં કેટલા ઉમેરીએ તો ૧૦૦ થાય ? **(૧)**

L.O. સેમી અને મીટર જેવા પ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને લંબાઈ અને અંતરનો અંદાજ લગાવે તેમજ તેમની વચ્ચેનો સંબંધ ઓળખે છે.

પ્રશ્ન-3 નીચેની વસ્તુઓ મીટરમાં કે સેમીમાં મપાશે તે યોગ્ય ખાનામાં લખી જુદી પાડો. **(૫)**

કાપડ, રબર, પાઠ્યપુસ્તક, બારણું, ડોલ, ટેલિવિઝન, મેદાનની લંબાઈ , મોબાઈલ, ટેબલ, પેન્સિલ

મીટરમાં મપાય	સેમીમાં મપાય

L.O. સરળ આકાર અને સંખ્યાઓમાં પેટર્ન વિસ્તારે છે.

પ્રશ્ન-૪ ગણતરી કરીને ખાલી જગ્યા પૂરો. **(૫)**

(૧) ૮, ૧૦, ૧૨, ૧૪, __________ , __________ .

(૨) ______ , ________ , ૨૪, ૨૭, ૩૦

(૩) ૨૮, ૩૨, ૩૬, _______ , _________

(૪) ______ , ________ , ૩૭૦, ૩૮૦, ૩૯૦

(૫) ______ , ૪૫, ૫૦, ૫૫, ________

L.O. આપેલી આકૃતિમાં કેટલા આકાર છે તેની ગણતરી કરે છે.

પ્રશ્ન-૫ નીચે આપેલી આકૃતિમાં કેટલા ચોરસ, લંબચોરસ અને ત્રિકોણ આપેલા છે તેની સંખ્યા લખો. **(૫)**



ઉપરની આકૃતિમાં સમાયેલ ... ચોરસ : ____________

લંબચોરસ : _________

ત્રિકોણ : ___________